તમારી જાતને 'કાલ' પર આશ્રિત ન કરો આવતીકાલે તમારા માટે કેવી ઉગશે, કોને ખબર
- બાઇબલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૨ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૨, શનિવાર; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નરેન્દ્ર મોદીની શપથવિધિ ૨૬મીએ

**રાજ્ય મંત્રીમંડળનું વિધિવત્ રાજીનામું સુપ્રત કર્યુ : બપોરે રાજ્યપાલને મળ્યા : સરકાર રચવાનો દાવો કર્યો : ૧૮૨ બેઠક પૈકી ૧૧૫ બેઠકમાં જીત મેળવવા બદલ રાજ્યપાલે શુભેચ્છાઓ આપી**



અમદાવાદ,તા.૨૧

ગુજરાતના વિધાનસભાની ચૂંટણીમાં સતત ત્રીજી વખત હેટ્રીક નોંધાવનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજ્યપાલ કમલા બેનીવાલને મળ્યા હતા અને તેમની સરકાર રચવાનો વિધિવતરીતે દાવો કર્યોહતો. મોદીએ તે પહેલા બપોરે ૧૨.૦૦ વાગ્યે રાજ્યપાલ કમલાજીને ગાંધીનગરમાં મળીને રાજ્યમંત્રીમંડળનું રાજીનામુ સોંપ્યુ હતુ. મંત્રીમંડળને મળેલા સહકાર બદલ આભાર પણ માન્યો હતો. બીજીબાજુ રાજ્યપાલે મોદીને વિધાનસભા ચૂંટણીમાં જીત અંગે શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપે ૧૩મી ડિસેમ્બર અને ૧૭મી ડિસેમ્બરે યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બે તબક્કાના પરિણામ આવી ગયા બાદ ૧૮૨ બેઠકો પૈકી ૧૧૫ બેઠકો જીતી લીધી છે.

બીજીબાજુ મોદીની શપથવિધિની તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. શપથવિધિની તૈયારીઓને લઈને ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ૨૬મીએ નરેન્દ્ર મોદીની શાહી શપથવિધિ યોજવામાં આવનાર છે. કેન્દ્રના ભાજપના તમામ ટોચના નેતાઓ અને એનડીએના નેતાઓ અને સ્ટાર પ્રચારકોને આમંત્રણ આપવામાં આવી ચુક્યુ છે. અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે દેશભરના મહાનુભાવો અને જંગી જનમેદની વચ્ચે મોદી શપથ લેશે. આ ભવ્ય અવસરને ઐતિહાસિક બનાવવાની તૈયારી શરૂ થઈ ચુકી છે. મળતી માહિતી મુજબ શપથવિધિનો સમય બપોરે ૧૨.૩૯ વાગ્યે રાખવામાં આવશે તેમ પણ જાણવા મળી રહ્યુ છે. મોદીએ પ્રથમ વખત ૨૦૦૧માં મુખ્યમંત્રી તરીકેનો શપથ લીધા હતા. સૌથી પહેલા મોદી શપથ લેશે ત્યારબાદ થોડાક દિવસ પછી બાકીના ૧૫-૨૦ પ્રધાનો શપથ લે તેવી સંભાવના છે.

તમામ ધ્યાન હવે શપથવિધિ પર કેન્દ્રિત થઈ ગયુ છે. દરમ્યાન બિહાર ભાજપના વડા સીપી ઠાકુરે આજે કહ્યુ હતુ કે મોદી વડાપ્રધાન બને તે સમય આવી ગયો છે. ભાજપ ચૂંટણી પહેલા જે સ્થિતિ હતી તેનાથી બહાર આવીને તેમને પ્રોજેક્ટ કરવા આગળ વધે તે જરૂરી છે. મોદીએ ગુજરાતમાં ખુબ સારી કામગીરી અદા કરી છે. આ જ કારણસર તેમની જીત થઈ છે. હવે ભાજપના આગામી વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે મોદીને પ્રોજેક્ટ કરવા સર્વ સંમતિના પ્રયાસ કરવામાં આવશે. મોદીએ ગઈકાલે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવી હતી.

## મોદીની શપથવિધિમાં અનેક મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહેશે

**મમતા બેનર્જી, જયલલિતા, નવીન પટનાયકને આમંત્રણ**

અમદાવાદ,તા.૨૧

નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવીને ઈતિહાસ સર્જાય બાદ હવે યોજાનાર શાનદાર શપથવિધિને યાદગાર બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. શપથવિધિને ઐતિહાસિક બનાવવા ઘણા રાજ્યોને મુખ્યમંત્રી અને અન્ય ટોચની હસ્તીઓને આમંત્રણ આપવામાં આવી ચુક્યુ છે. ભાજપને રાષ્ટ્રીય નેતાઓ, સ્ટાર પ્રચારકો, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. શિવરાજસિંહ ચૌહાણ, રમણસિંહ, મેનકા ગાંધી ઉપસ્થિત રહેશે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, તમિળનાડુના મુખ્યમંત્રી જયલલીતા, ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક, પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ ,બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવને પણ આમંત્રણ આપવામઆં આવી ચુક્યા છે જો કે કેટલાક મુખ્યમંત્રીઓએ હજુ હાજર રહેવા અંગે વાત કરી નથી.





આ શિયાળે રાજ્યભરમાં આવન-જાવન કરતી ઠંડી પાછી આવી ગઈ છે અને આ વખતે કંઈક વધુ જ આકરા પ્રમાણમાં આવી છે. એક જ ઝાટકે ત્રણેક ડિગ્રી જેટલું તાપમાન નીચે જતાં ગાંધીનગર શહેરમાં સર્વત્ર ઠંડીની અસરો જોવા મળી હતી. રસ્તાઓ પર ચહલપહલ ઓછી થઈ ગઈ હતી અને લોકો ગરમ કપડાંમાં વિંટળાયેલા જોવા મળ્યા હતા. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં કોંગ્રેસ કરતાં ભાજપને ૧૫૬૮ મત વધુ મળ્યા

**ગાંધીનગર જીલ્લામાં મત વધુ મેળવનાર ભાજપને કોંગ્રેસ કરતાં એક બેઠક ઓછી મળી : કોંગ્રેસને ત્રણ અને ભાજપને બે બેઠકો મળતાં સર્જાયેલ અવનવું સમીકરણ : કોંગ્રેસના ઉમેદવારોને ૪૬.૮૩ ટકા મત જ્યારે ભાજપના ઉમેદવારોને ૪૭.૦૪ ટકા મત મળ્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકોની ચૂંટણીમાં ભાજપને કોંગ્રેસ કરતાં ૧૫૬૮ મત વધુ મળ્યા છે. જો કે કોંગ્રેસને ત્રણ બેઠકો મળી છે જ્યારે ભાજપને ફાળે માત્ર બે બેઠકો આવી છે.

ગુજરાતવિધાનસભાનીસામાન્ય ચૂંટણીઓ પછી ગઈકાલે મતગણતરીની પુરી થયેલી પ્રક્રિયા બાદ ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોના પરિણામના વિશ્લેષણનો પ્રારંભ રાજકારણના આંકડા નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

જિલ્લામાં પાંચેય બેઠકો પર કુલ મતદારો ૯,૯૯,૩૭૫ નોંધાયેલા છે. જે પૈકી ૭,૫૪,૧૩૧ મતદારોએ તેમના મતાધિકારનો ઉપીયોગ કર્યો હતો. જિલ્લાની પાંચેય બેઠકો પર ભાજપના ઉમેદવારોને કુલ ૩,૫૪,૭૫૦ મત મળ્યા છે જ્યારે કોંગ્રેસના ઉમેદવારોને ૩,૫૩,૧૮૨ મત મળ્યા છે.

ટકાવારીની દષ્ટિએ જોઈએ તો ભાજપના ઉમેદવારોને ૪૭.૦૪ ટકા અને કોંગ્રેસના ઉમેદવારોને ૪૬.૮૩ ટકા મત મળ્યા છે. આમ બન્ને પક્ષ વચ્ચે માત્ર ને માત્ર ૦.૨૧ ટકાનો તફાવત જોવા મળ્યો છે.

ભાજપમાં સૌથી વધુ મત ગાંધીનગર દક્ષિણની બેઠક પર ચૂંટાયેલા શ્રી શંભુજી ઠાકોરને ૮૭,૯૯૯ મત મળ્યા છે જ્યારે કોંગ્રેસમાં સૌથી વધુ મત આજ બેઠકના ઉમેદવાર શ્રી જુગાજી ઠાકોરને ૭૯,૯૮૮ મળ્યા છે. ભાજપમાં સૌથી ઓછા મત દહેગામ વિધાનસભાની બેઠકના ઉમેદવાર શ્રી રોહિતજી ઠાકોરને મળ્યા છે.

પાંચેય બેઠકો પર સૌથી પાતળી સરસાઈ કલોલની બેઠક પર કોંગ્રેસના શ્રી બળદેવજી ઠાકોરને મળી છે. જે માત્ર ૩૪૩ મતની છે.

જિલ્લામાં પાંચેય બેઠક પર ઉભા રહેલા અન્ય ૩૩ ઉમેદવારો માત્ર ૪૬,૧૯૯ મત મેળવવામાં સફળ રહ્યા છે. જે થયેલા મતદાનના ૬ ટકા જેટલા થવા જાય છે.

જિલ્લામાં સૌથી વધુ મતદાન માણસામાં થયું હતું. તો કલોલમાં પોષ્ટલ બેલેટની મતગણતરીએ ઉમેદવારની સરસાઈ વધારવામાં મહત્વની ભૂમિકા બજવી હતી. જિલ્લાની આ ચૂંટણીમાં પાંચેય વિધાનસભા બેઠકો પર ૬૨૦ મત રદ થયા છે.

## જિલ્લાની પાંચેય બેઠકોના ૩૩ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૪૩ ઉમેદવારો પૈકી ૩૩ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી છે. જેમાં પરિવર્તન પાર્ટી, બસપાના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.

ડિપોઝીટ ગુમાવનારા ઉમેદવારમાં કોંગ્રેસમાંથી બળવો કરી જંગમાં ઝુકાવનાર ગમાજી ઠાકોરનો પણ સમાવેશ થાય છે. આ ૩૩ ઉમેદવારો પૈકી ૧૮ ઉમેદવારો એવા છે જેમને મળેલા મતોમાંથી ચાર આંકડા સુધીનો સરવાળો થયો છે. જ્યારે ૧૫ ઉમેદવારોના સરવાળો ત્રણ આંકડાનો જ છે.

આ ઉમેદવારોને ૨૧૭ થી ૫૫૮૬ સુધીના મતો મેળવવામાં સફળતા મળી છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થઈ ગઈ છે અને નવા સમીકરણો આગામી દિવસોમાં આકાર લેશે.

જિલ્લામાં કુલ ૭,૫૪,૧૩૧ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં ૭,૩૪ લાખ મતદારોએ ઈ.વી.એમ. થી મતદાન કર્યું હતું. જ્યારે ૨૦ હજાર જેટલા મતદારોએ પોષ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

પ્રાપ્ત થતી એક ચોંકાવનારી હકીકત પ્રમાણે કર્મચારીઓ દ્વારા કરાયેલા પોષ્ટલ બેલેટથી મતદાનમાં પણ ૬૨૦ મત રદ થયા હતા. આ મત રદ થવામાં જે કારણો બહાર જાણવા મળ્યા છે તેમાં એકરાર નામુ જે રજુ કરાયુ હતુ તેમાં ત્રૂટીઓ હતી તો ક્યાંક એક કરતાં વધુ નિશાનીઓ કરેલી હતી.








LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
મો ૯૭૧૪૧૯૮૩૬૬